# 3. પરીક્ષા

તાસ-3

## વાક્યોનું શ્રુતલેખન :

(1) ઇન્સ્પેક્ટર સાહેબ કાલના આવેલા છે.

(2) અમને ઓછી શિષ્યવૃત્તિ મેળવવાની છે ?

(3) એ જ મને કહેતો હતો કે વિદ્યાધિકારીના હેડક્લાર્ક છે.

(4) હેડમાસ્તર થઈને મારી મશ્કરી !

(5) મહાદેવે પૂરી શક્તિ અને સગર્વ શિષ્યવૃત્તિની પરીક્ષા આપી.

## વાક્યોની ચકાસણી :

❖ બાળદોસ્તો, અહીં દેખાતાં વાક્યો જુઓ અને તમારી જાતે જ તેને તપાસો.

➢ જુઓ આ પહેલું વાક્ય.

(1) પહેલું વાક્ય છે : ઇન્સ્પેક્ટર સાહેબ કાલના આવેલા છે.

બાળદોસ્તો, આ સાદુવાક્ય છે. આ વાક્યને અંતે પૂર્ણવિરામ આવે અને 'ઇન્સ્પેક્ટર' શબ્દની જોડણી બરાબર જુઓ.

➢ હવે બીજું વાક્ય જુઓ.

(2) બીજું વાક્ય છે : અમને ઓછી શિષ્યવૃત્તિ મેળવવાની છે ?

બાળદોસ્તો, આ વાક્ય પ્રશ્નાર્થવાક્ય છે, તેથી વાક્યને અંતે પ્રશ્નાર્થચિહ્ન મૂકવું પડે. અહીં ખાસ 'શિષ્યવૃત્તિ' શબ્દની જોડણી જુઓ.

➢ હવે ત્રીજું વાક્ય જુઓ.

(3) ત્રીજું વાક્ય છે : એ જ મને કહેતો હતો કે વિદ્યાધિકારીના હેડક્લાર્ક છે.

આ વાક્ય પણ સાદુવાક્ય છે, પરંતુ તેમાં 'એ' અને 'જ' છૂટા લખવા પડે. અહીં પણ 'વિદ્યાધિકારી' અને 'હેડક્લાર્ક' શબ્દોની જોડણી બરાબર જુઓ તથા વાક્યને અંતે પૂર્ણવિરામ મૂકેલ છે તે જુઓ.

# 3. પરીક્ષા

## તાસ-3

- ➢ હવે ચોથું વાક્ય જુઓ.

**(4)** ચોથું વાક્ય છે : હેડમાસ્તર થઈને મારી મશ્કરી !

આ વાક્ય ઉદ્‌ગારવાક્ય છે, જેમાં વાક્યને અંતે ઉદ્‌ગારચિહ્‌ન મૂકેલ છે. અહીં ‘હેડમાસ્તર’ શબ્દ ભેગો લખાય છે તે જુઓ. ‘હેડમાસ્તર’ અને ‘મશ્કરી’ બંને શબ્દોની જોડણી બરાબર ચકાસો.

- ➢ હવે છેલ્લું વાક્ય જુઓ.

**(5)** છેલ્લું વાક્ય છે : મહાદેવે પૂરી શક્તિ અને સગર્વ શિષ્યવૃત્તિની પરીક્ષા આપી.

બાળદોસ્તો, આ વાક્યમાં ‘પૂરી’, ‘શક્તિ’, ‘સગર્વ’, ‘શિષ્યવૃત્તિની’ અને ‘પરીક્ષાની’ – એ બધાં શબ્દોની જોડણી ચકાસો તથા વાક્યનો પ્રકાર સાદુવાક્ય હોવાથી અંતે પૂર્ણવિરામ મૂકો.

## શબ્દસમજૂતી :

| | | |
|---|---|---|
| મોલ | – | પાક |
| વાયરો | – | પવન |
| સાંભરવા માંડ્યો | – | એકઠું કરવા લાગ્યો. |
| વીંજણો | – | પંખો |
| ધણ | – | ગાયોનું ટોળું |
| શિષ્યવૃત્તિ | – | તેજસ્વી વિદ્યાર્થીને અભ્યાસ માટે મળતી આર્થિક રકમ |
| વિદ્યાધિકારી | – | કેળવણી અધિકારી |
| હેડક્લાર્ક | – | મુખ્ય કારકુન |
| ઉંબીઓ | – | ઘઉં, જવ ઇત્યાદિ ધાન્યનાં ડૂંડા |
| પસવારતાં | – | પંપાળતાં |
| હરાયું | – | રખડતું, છૂટું ફરતું, અંકુશ વગરનું |
| મસ્તાન | – | મદભર્યું |
| ઢેફાં | – | સૂકી માટીના મોટા ગાંગડા |

| | | |
|---|---|---|
| લાડનાં લટકાં | – | ગમતી બાબત |
| સોટું | – | સોટી, લાકડી |
| ખારીલા | – | ઈર્ષ્યાળુ |
| ગભરુ જીવ | – | નિર્દોષ, ભોળો જીવ |
| જમ | – | યમ (અહીં) મૃત્યુ |
| સરવાણી | – | નાનું ઝરણું |

## રૂઢિપ્રયોગોની સમજૂતી :

| | | |
|---|---|---|
| ટાપસી પૂરવી | – | ચાલતી વાતને ટેકો આપવો. |
| પાટી મેલાવવી | – | દોડાવવું. |
| પસીનામાં રેબઝેબ થઈ જવું | – | પરસેવે લથબથ થઈ જવું. |
| માઝા મૂકવી | – | મર્યાદા ત્યજી દેવી. |
| ખાલી ઘોડા દોડાવવા | – | નકામા વિચારો કરવા. |
| ગામનું નાક રહેવું | – | ગામની પ્રતિષ્ઠા સચવાવી. |
| જીભના ઝપાટા મારવા | – | ગપ્પાં મારવા. |
| કાપલો કાઢી નાખવો | – | બધું ખાઈ જવું. |
| આ પા કે પેલી પા | – | કોઈ પણ પ્રકારની પરિસ્થિતિને પહોંચી વળવા તૈયાર રહેવું. |

## કહેવતોની સમજૂતી :

| | | |
|---|---|---|
| મામાનું ઘર કેટલે તો દીવો બળે એટલે | – | વખત આવ્યો ખરેખર શું છે તેની ખબર પડી જવી. |
| દશેરાએ ઘોડું ન દોડવું | – | ખરે સમયે ઉપયોગમાં ન લાગવું. |